# સરકારે જનતા પાસેથી બેંકોના માધ્યમથી કરોડો રૂપિયા વસુલ્યા - પરેશ ધાનાણી

અમદાવાદ, કોરોના મહામારીમાં પણ વ્યાજ માફી આપવામાં આવતી નથી, ઉલટાનું વ્યાજ પર વ્યાજ વસુલવામાં આવી રહયું છે. કેન્દ્રત સરકારે સામાન્યં જનતા પાસેથી બેંકોના માધ્યમથી કરોડો રૂપિયા વસુલ્યા. આફતના સમયમાં મદદને બદલે કમાણીનો અવસર ઉભો કરનાર બેંકો કમર તોડ વ્યાજ વસુલી રહી છે. આર્થિક કટોકટી, પરેશાની-હાડમારી વેઠનાર સામાન્ય વર્ગ, મધ્યમ વર્ગ, નાના વેપાર-ધંધા કરનાર અને ખેડૂતોને ભારોભાર અન્યાય કરનાર ભાજપ સરકારનું 'આત્મનિર્ભર' અભિયાન છેતરપીંડી સમાન હોવાનો આક્ષેપ કરતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્રન સરકારે રૂ. ૨૦ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું. તેના લાભાર્થી કોણ અને કોને કેટલો લાભ થયો તે હજુ સુધી આર્થિક નિષ્ણાતો પણ શોધી શક્યાં નથી. મોદી સરકારના છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોમાં થયેલ નાણાંકીય છેતરપીંડી(ફ્રોડ)માં રૂ. ૩,૪૦,૨૯૯ કરોડ જેટલી અધધ રકમ ગાયબ થઈ છે. સામાન્યવર્ગ, મધ્ય(વર્ગ, વેપારી, ખેડૂતો, વિદ્યાર્થીઓ એક લાખ રૂપિયાની લોન માટે બેંકોના પગથિયાં ઘસી નાંખે તો પણ લોન મેળવે તો જંગ ત્યાર જેટલો આનંદ થાય. બીજી બાજુ બેંકોમાં રૂ. ૩,૫૦,૦૦૦ કરોડની નાણાંકીય ગેરરીતિ..... કોણ છે આ છેતરપીંડી અને ઉચાપત કરનારાઓ ? છેલ્લા પાંચ વર્ષમાં કોણ આપી રહયું છે આ ઉચાપત કરનારા આર્થિક ગુનેગારોને રક્ષણ રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ગ્રાહકોને સર્વિસ-સુવિધા અને મેઈન્ટેરનન્સ ચાર્જીસ પેટે રૂ. ૧૫,૦૦૦ કરોડ જેટલી માતબર રકમ છેલ્લા ચાર વર્ષમાં ગ્રાહકો પાસેથી વસુલવામાં આવી છે ત્યારે રીઝર્વ બેક્રજ ઓફ ઈન્ડિયા, કેન્દ્રીય નાણા મંત્રાલયના આયોજનબદ્ધ લૂંટતંત્ર પર આકરાં પ્રહાર કરતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યુંર હતું કે, મીનીમમ બેલેન્સક મેઈન્ટેવઈન ન કરી શકનાર ખાતેદારો પાસેથી રૂ. ૯,૦૦૦ કરોડ અને એટીએમ ચાર્જીસ પેટે રૂ. ૬,૦૦૦ કરોડ જેટલી માતબર રકમ વસુલી છે. એટીએમ ટ્રાન્ઝેકશન અને ડેબીટ કાર્ડની મેઈન્ટેરનન્સન ફી પેટે ૨૦૧૯-૨૦ના એક જ વર્ષમાં રૂ. ૨૬૮ કરોડ..... પંજાબ નેશનલ બેંકે વસુલ્યાત. એક તરફ બેંકો જુદા-જુદા સર્વિસ ચાર્જીસના નામે સામાન્યં અને મધ્યનમ વર્ગ પાસેથી રૂ. ૧૫,૦૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ છેલ્લા ચાર વર્ષમાં વસુલી છે. બીજીબાજુ, કેન્દ્ર ની ભાજપ સરકારે રૂ. ૬,૬૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલી અધધ રકમ માનીતા ઉદ્યોગપતિઓની માફ કરી દીધી છે. મોદી સરકારમાં વર્ષ ૨૦૧૩-૧૪ની રૂ. ૨,૫૦,૦૦૦ કરોડ એનપીએ વધીને વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૧૧,૭૩,૦૦૦ કરોડ એટલે કે ૬૦૦%નો અધધ વધારો.....! કારમી મોંઘવારી અને મંદીનો ભોગ બની રહેલ ભારતીય અર્થતંત્ર કોરોના મહામારીમાં મોદી સરકારની નીતિઓથી મહાકાય મુશ્કેલીમાં મુકાઈ ગયું છે ત્યારે સામાન્ય-મધ્યમવર્ગ, ખેડૂતોને સીધી આર્થિક મદદ કરવાની માંગ કરતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ભારતીય અર્થવ્યવસ્થા સામે ગંભીર આર્થિક સંકટ સર્જાવાની સ્થિતિ ઉભી થઈ છે. કેન્દ્ર સરકારની ખોટી આર્થિક નીતિઓ-પગલાંને લીધે વર્ષ ૨૦૧૮માં દેશની કુલ જીડીપીના ૭૦ ટકા દેવું હતું, જે ૨૦૨૦માં વધીને ૭૫ ટકા અને વર્ષ ૨૦૨૧માં જીડીપીના ૯૧ ટકા જેટલું પહોંચી જશે. રીઝર્વ બેંક, ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ ગુજરાતનું દેવું માર્ચ-૨૦૧૯ સુધીનું રૂ. ૨,૮૮,૯૧૦ કરોડ છે. કોરોના મહામારીના સમયે દેશના દરેક વ્યક્તિને સરેરાશ રૂ. ૨૭ હજારનું નુકસાન જ્યારે ગુજરાતમાં વ્યક્તિદીઠ રૂ. ૪૫,૦૧૮નું નુકસાન થયું છે ત્યારે કેન્દ્ર સરકારે જાહેર કરેલ ૨૦ લાખ કરોડ અને ગુજરાત સરકારે જાહેર કરેલ રૂ. ૧૪,૦૦૦ કરોડનું આત્મનિર્ભર પેકેજ મૃગજળ સાબિત થઈ રહયું છે. ઉદ્યોગપતિઓ-ઉદ્યોગગૃહો માટે તિજોરી ખુલ્લી મુકનાર અને સરકારી સંસાધનો લુંટાવનાર ભાજપ સરકાર કોરોના મહામારીમાં સામાન્ય-મધ્યમવર્ગ-ખેડૂતોને સીધી આર્થિક મદદ કરે તેવી કોંગ્રેસપક્ષની માંગ છે.

# અંબાજી ટ્રસ્ટ દ્વારા મંદિરના કપાટ ૨ સપ્ટેમ્બર સુધી મંદિર બંધ રાખવા નિર્ણય

અંબાજી, આજે અંબાજી જતા માઈભક્તો માટે એક ખુશખબર સામે આવી રહ્યા છે. અંબાજી મંદિરના દ્વાર શ્રદ્ધાળુઓ માટે તો બંધ કરી દેવામાં આવ્યા છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અગાઉ મંદિરના કપાટ ૪ સપ્ટેમ્બર સુધી મંદિર બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ આ નિર્ણયમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે અંબાજી મંદિર ૪ સપ્ટેમ્બર સુધી નહીં, પરંતુ ૨ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. ત્યારબાદ રાબેતા મુજબ ચાલું થઈ જશે. ભાઈભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા ઓનલાઈન દર્શનની વ્યવસ્થા કરવામાં આવી છે. ભાદરવી પૂનમના મેળા માટે ભાદરવા માસના પ્રારંભથી પદયાત્રીઓનું શક્તિપીઠ અંબાજી ખાતે આગમન શરૂ થઈ જતું હોય છે. પરંતુ કોરોના મહામારીનું ગ્રહણ ચાલું વર્ષે દરેક તહેવારોમાં લાગી રહ્યું છે. કોરોનામાં પ્રવર્તમાન સંજોગોને પગલે આ વખતે ૨૪ ઓગસ્ટ સોમવારથી ૨ સપ્ટેમ્બર એમ કુલ ૧૦ દિવસ સુધી અંબાજી મંદિર તથા ગબ્બરના દર્શન બંધ રહેશે. માઈભક્તોની લાગણી દુભાઈ નહી તેના માટે મંદિર ટ્રસ્ટ દ્વારા ઓનલાઈન દર્શન કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અંબાજી મંદિરની હવન શાળામાં સહસ્ત્ર નવચંડી યજ્ઞ યોજાશે. શ્રદ્ધાળુઓની સગવડતા માટે યાત્રાળુઓને ઘરે બેઠાં ઓનલાઇન માતાજીના દર્શન-ગબ્બર દર્શન, યજ્ઞા દર્શન કરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. દર વખતે ભાદરવી પૂનમના મહામેળા માટે ૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ અંબાજી ખાતે ઉમટી પડતા હોય છે. 'અનલોક-૩'ની ગાઈડલાઈન પ્રમાણે ૨૪ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમનો મેળો ઈતિહાસમાં પ્રથમવાર યોજાશે નહીં. પ્રવર્તમાન સંજોગોને પગલે અંબાજી મંદિરની સાથે પગપાળા સંઘો-સેવા કેમ્પો-શોભા યાત્રા સહિતની પ્રવૃત્તિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગત રવિવારે શક્તિપીઠ અંબાજીના દ્વાર ભક્તો માટે બંધ કરવામાં આવ્યા છે. રવિવારે રાત્રે મંદિરના કપાટ બંધ કરી દેવામાં આવ્યા છે. અંબાજી મંદિરના દ્વાર શ્રદ્ધાળુઓ માટે તો બંધ કરી દેવામાં આવ્યા છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અગાઉ મંદિરના કપાટ ૪ સપ્ટેમ્બર સુધી મંદિર બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો.


## ફોર્મ નંબર યુઆરસી - ૨

અધિનિયમના અધ્યાય ૨૧ ના ભાગ ૧ હેઠળ નોંધણી અંગેની જાહેરાત
(કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૩૭૪ (બી) અને કંપની (રજિસ્ટર કરવા માટે અધિકૃત) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪ (૧) ને અનુલક્ષીને)

૧. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની પેટા કલમ (૨) ને અનુસરીને અહી નોટિસ આપવામાં આવે છે કે અમદાવાદના રજિસ્ટ્રારને આવેદન આપવામાં આવ્યું છે કે જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (JITO) સુરત ચેપ્ટર સોસાયટી / ટ્રસ્ટ કંપની અધિનિયમ ૨૦૧૩ ના અધ્યાય ૨૧ ના ભાગ ૧ હેઠળ કલમ ૮ કંપની તરીકે નોંધણી કરાવી શકે છે

૨. કંપનીની મુખ્ય પ્રવૃત્તિ નીચે મુજબ છે:
**તીર્થંકર ભગવંતો અને ભગવાન દ્વારા ઉપદેશિત સમાજના વૈશ્વિક આધ્યાત્મિક ઉત્થાન તરફ દોરી ગયેલી પ્રવૃત્તિઓ અને સમર્થન પ્રવૃત્તિઓ ને પ્રોત્સાહન પૂરું પાડવું, સામાજિક કલ્યાણ, સાંસ્કૃતિક ઉત્થાન, આરોગ્ય સંભાળ અને મોટા પ્રમાણમાં સમાજ ને આર્થિક સશક્તિકરણ પૂરું પાડવાનું કાર્ય કરવું.**

૩. સૂચિત કંપની ના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ની નકલ જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (JITO) સુરત ચેપ્ટર ના ઓફિસ એડ્રેસ એ-૫૦૧, પ્રેસિડેન્ટ પ્લાઝા, R. T. O. સર્કલની પાસે, રિંગ રોડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૨ ગુજરાત પર જોઈ શકાશે.

૪. આથી અહી નોટિસ આપવામાં આવે છે કે જો કોઈ વ્યક્તિ ને ઉપર જણાવેલ અરજી સામે વિરોધ હોય તો આ જાહેરાત ના પ્રકાશિત થયા ના ૨૧ દિવસ ની અંદર રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ આર ઓ સી ભવન, રૂપલ પાર્ક સોસાયટી ની સામે, અંકુર બસ સ્ટોપ ની બાજુમાં, નારણપુરા, અમદાવાદ -૩૮૦૦૧૩, ગુજરાત જણાવેલ સરનામાં પર અને અરજી કરનાર JITO સુરત ચેપ્ટર ને તેના ઓફિસ એડ્રેસ પર પત્ર દ્વારા જાણ કરી શકે છે.

Sd/-
પ્રવીણ શાહ
ચીફ સેક્રેટરી
(JITO) સુરત ચેપ્ટર

તારીખ: ૨૮/૦૮/૨૦૨૦
સ્થળ: સુરત


# સરકાર JEE તથા NEETની પરીક્ષા લેવા માટે જીદે ચડી છે - કોંગ્રેસ

અમદાવાદ, દેશભરમાં કોરોના મહામારીના વ્યાપક ફેલાવામાં કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા NEET અને JEE ની પરીક્ષા લેવાના મનસ્વી નિર્ણય સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમીત ચાવડાએ વિદ્યાર્થીઓ અને વાલીઓની માંગણીને સમર્થન કરવા સાથે જણાવ્યું હતું કે, દેશમાં કોરોના- COVID 19 ના ૫૦૦ કેસ આવ્યા હતા ત્યારે સરકારે શાળા- કોલેજો બંધ કરાવી હતી અને પરીક્ષાઓ રદ્દ કરી હતી, જ્યારે આજે દેશમાં કોરોના- COVID 19 ના ૩૩ લાખ કરતા વધારે કેસો આવી ચુક્યા છે, મહામારીમાં કોરોના સંક્રમિતો ટપોટપ જીવ ગુમાવી રહ્યા છે તેવી પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર ન્નઈઈ તથા દ્વઈઈ ની પરીક્ષા લેવા માટે જીદે ચડી છે. દેશભરમાંથી વિદ્યાર્થીઓ-વાલીઓ આવા સંજોગોમાં પરીક્ષા લેવાના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે, દેશના ૭ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ દ્વારા કેન્દ્ર સરકારને રજૂઆત અને વિનંતી કરવામાં આવી છે, સુપ્રિમ કોર્ટમાં આ નિર્ણય સામે અરજી કરવામાં આવી છે તેમ છતાં કેન્દ્રની ભાજપ સરકાર કોઈની વાત માનવા તથા વ્યવહારિક દ્રષ્ટિકોણથી સમજવા તૈયાર નથી. શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "ગુજરાત રાજ્યમાં NEET માટે ૮૦ હજાર તથા JEE માટે ૩૮ હજાર જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યા છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી દેશભરમાં ૨૬ લાખ કરતા વધારે વિદ્યાર્થીઓ, તેમની સાથે પરીક્ષા સ્થળે આવનારા વાલીઓ- પરિવારજનને કોરોના સંક્રમણનું જોખમ ઉભું થઇ શકે છે.

આ ઉપરાંત તેમના ૧૦૦-૧૫૦ કિમીના ટ્રાન્સપોર્ટેશન, રહેવા-જમવાની વ્યવસ્થાના અભાવનો પ્રશ્ન છે ત્યારે આવા કપરા સંજોગોમાં કેન્દ્ર સરકાર જિદ્દ છોડી વિદ્યાર્થીઓ ની વાત સાંભળે. સમગ્ર વિશ્વ જ્યારે કોરોનાના ભરડામાં છે, વિશ્વની ખ્યાતનામ તેવી ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સીટીએ પણ વિદ્યાર્થીઓના હિતમાં પરીક્ષાઓ રદ્દ કરી છે ત્યારે ભારત સરકાર કેમ દેશના લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો, સંકળાયેલા સ્ટાફના જીવ સાથે રમત કરી રહી છે. લોકડાઉનના સમયે મોટા ઉપાડે 'જાન હૈ તો જહાન હૈ' ની વાતો કરવામાં આવતી હતી તેનું શું થયું?"શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "મહામારીના ફેલાવાની વચ્ચે કેન્દ્ર સરકારના NEET, JEE પરીક્ષા લેવાના નિર્ણયના વિરોધમાં વિદ્યાર્થીઓ અને વાલીઓના ટેકામાં કોંગ્રેસ પક્ષની વિદ્યાર્થી પાંખ NSUI દ્વારા દિલ્લી ખાતે ધરણા અને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે તો NSUI ના આગેવાનો પરીક્ષા મોકૂફ રાખવાની માંગણી સાથે આમરણાંત ઉપવાસ પર પણ બેઠા છે. આ અનુસંધાને ગુજરાત કોંગ્રેસ દ્વારા તા -૨૮ ઓગસ્ટ ૨૦૨૦ શુક્રવાર ના રોજ રાજ્યમાં તમામ જિલ્લા મથકો અને શહેર ખાતે NSUI અને પક્ષના આગેવાનો- કાર્યકરો ધરણા - વિરોધ પ્રદર્શન કરશે તથા સરકાર સમક્ષ માંગ કરવામાં આવશે કે વિદ્યાર્થીઓના જીવનું જોખમ ઉભું કરવામાં ના આવે, તેમના ભવિષ્ય સાથે રમત કરવામાં ના આવે અને NEET- JEE ની પરીક્ષા મોકૂફ રાખવામાં આવે.


કંપની અધિનિયમ, ૨૦૧૩ ની બાબત માં
અને
**કંપની અધિનિયમ, ૨૦૧૩ ના સેકસન ૨૫૨ અન્વયે મેસર્સ વ્રજેશ્વરી સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીનુ નામ પુનઃસ્થાપન કરવા કંપની અપીલ નં ૬૪/૨૫૨(૩)/ એનસીએલટી/એએચએમ/૨૦૨૦ ના સંદર્ભ ની બાબત માં બદરીપ્રસાદ રામમહુરત દુબે ની બાબત માં**
વર્સેસ
**રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, અહમદાબાદ, ગુજરાત**

આથી નોટિસ જારી કરવામાં આવે છે કે માનનીય એનસીએલટી ગુજરાતએ તારીખ ૨૭.૦૭.૨૦૨૦ ના રોજ કંપની અપીલ નંબર ૬૪/૨૫૨(૩)/ એનસીએલટી/એએચએમ/ ૨૦૨૦ માં પાસ કરેલ હુકમથી ઉપરોક્ત નામવાળી કંપની એટલે કે **મેસર્સ વ્રજેશ્વરી સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ** નુ ગુજરાત ના રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ ની ઑફિસ દ્વારા જાળવવામાં આવતા કંપનીઓના રજિસ્ટરમાં પુનઃસ્થાપન માટે નિર્દેશિત કેરલ છે. માનનીય એનસીએલટી ગુજરાત અમદાવાદના ઉપરોક્ત આદેશ મુજબ, ઉપરોક્ત કંપનીનું નામ ગુજરાત ના રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ ની ઑફિસ દ્વારા જાળવવામાં આવતા કંપનીઓના રજિસ્ટરમાં **મેસર્સ વ્રજેશ્વરી સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ** તરીકે પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે.

બદરીપ્રસાદ રામમહુરત દુબે
ડાયરેક્ટર
ડીઆઈએન:૦૧૦૩૪૧૩૨

સ્થળ: દાહોદ
તારીખ: ૨૮.૦૮.૨૦૨૦



## NARMADA MACPLAST DRIP IRRIGATION SYSTEMS LIMITED

**CIN:** L25209GJ1992PLC017791
**Reg. Off:** Plot No.119-120, Santej Vadsar Road, Near Alex Cable At. Santej Tl. Kalol Dist.: Gandhinagar
**Web Site:** www.narmadadrip.com

**NOTICE**

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (LODR) Regulation, 2015,that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on Saturday, September 05, 2020, Inter alia, to consider and to approve unaudited Financial Results of the Company for the Quarter ended June 30, 2020. Pursuant to the provisions of SEBI (Prohibition of Insider Trading) Regulation, 2015 and as per the terms of "Code of Conduct for Prevention of Insider Trading" of the Company, the trading window for dealing in the Securities of the Company will remain closed for Directors, officers and designated persons from August 28, 2020 (After 5.00 PM) and end 48 hours after the results are made public on September 05, 2020. This information is also available on Company's website **www.narmadadrip.com** and on the website of the stock exchange **www.bseindia.com.**

**For, Narmada Macpalst Drip Irrigation Systems Limited**
**S/d**
**Jiten Vaghasia**
**Whole Time Director**
**DIN: 02433557**

**Date: 28th August, 2020**
**Place: Ahmedabad**



## સનગોલ્ડ કેપીટલ લી.
**(CIN:L65910GJ1993PLC018956)**

રજી. ઓફીસ : હાઉસ નં.૭/૧૩ વ્હાઈટ ટાવર સામે,સ્ટેશન રોડ નાન્દોડ, રાજપીપલા, નર્મદા- ૩૯૩૧૪૫.
કોર્પોરેટ ઓફી.: બી/૬૧૮, ૬ઠો માળ, જસવંતી એલોયડ બિઝનેસ સેન્ટર, ઓફઃ રામચન્દ્ર લેન, એક્સ્ટે. મલાડ(વેસ્ટ), મુંબઈ- ૪૦૦૦૬૪
ટે.નં. ૦૨૨-૨૮૮૯૧૬૯૨,૦૮૧૦૮૭૫૬૮૧૨
વેબસાઈટ : www.sungoldcapitallimited.com
ઈમેલ : info@ sungoldcapitallimited.com

**નોટીસ**

કોર્પોરેટ એફેર્સ મત્રાંલય દ્વારા જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રીલ,૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં ૨૦/૨૦૨૦ તા. ૫મી મે ૨૦૨૦,અને સામાન્ય પરિપત્ર નં ૨૨/૨૦૨૦૨ તા. ૧૫મી જુન ૨૦૨૦ અનુક્રમે અને સેબી ના પરિપત્ર નં SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા.૧૨મી મે,૨૦૨૦,ના મુજબ થઈ LORD ના રેગ્યુલેસન ૩૬(૧)(બી)અને (સી) લીસ્ટ મોકલેલ છે. તેમને તેમની એજીએમ આ વર્ષ ૨૦૨૦ ની (૩૧ડીસેમ્બર ૨૦૨૦)સુધી બોલાવવી.

ઉપરોકત વિગતની ખબર દરેક મેમ્બર્સ હોવી જરૂરી છે કે સરકુયલરનં.૨૦/૨૦૨૦ તા. ૫મી મે ૨૦૨૦ ના મુજબ જનરલ મીટીંગ થવી જરૂરી છે.

ઉપરોકત બધા સરક્યુલર્સ મુજબ, સનગોલ્ડ કેપીટલ લી.ના તમામ શેરહોલ્ડર્સ ને જાણ કરવામાં આવે કે કંપની નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ની વાષિર્ક જનરલ મીટીંગ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ એક મહિનામાં ભરોસે. ચાલુ પરિસ્થિતી કોવીડ-૧૯ ના અનુસંધાનમાં કંપની એ શેરહોલ્ડર્સના ઈ મેઈલ આઈડી સાથે કંપનીના ઈ-વાર્ષિક રીપોટર્સ મોકલવાના છે.

જે શેરહોલ્ડર્સ ઈ મેઈલ આઈ ડી અને મોબાઈલ નં. મોકલેલ છે/નથી મોકલાવ્યા, તેઓને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ તેમના ઈ મેઈલ આઈડી અને મોબાઈલ નં વિગતવાર ડીમેટના શેર્સ અને ડીમેટ વગરના ફીઝીકલફોર્મ આ બધી વિગત કંપનીના રજીસ્ટ્રર અને ટ્રાંન્સફર એજન્ટ સેટેલાઈટ કોર્પોરેટ સર્વિસી પ્રાઈવેટ લિમિટેડ. યુનિટ નં ૪૯ બિલ્ડીગ નં ૧૩ બી ,૨જે માળ સમ્હિતા કોમસીયલ કો-ઓ સોસાયટી લી. ઓફ અંધેરી કૃલા રોડ એમટીએનએલ લેન, સાકીનાકા,મુમ્બઈ,મહારાષ્ટ્ર,૪૦૦૦૭૨ અપ ટુ૩૧મી ઓગસ્ટ ૨૦૨૦ અને ઓફિસ નં ૧૦૬-૧૦૭ દતાંણી પ્લાઝા, ઈસ્ટ વેસ્ટ કંમ્પાઉડ અંધેરી કૃલા રોડ સાકીનાકા-મુમ્બઈ-૪૦૦૦૭૨ ફ્રોમ ૦૧લી સપ્ટેમ્બર,૨૦૨૦ વાયા ઈમેઈલ service@satellitecorporate.com અથવા તો કંપની ના ઈમેઈલ info@sungoldcapitallimited.com ઉપર ૨જી સપ્ટેમ્બર,૨૦૨૦ ના રોજ સુધીના કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ઉપર આવેલ તમારો ઈમેઈલ માન્ય ગણાશે.

**સનગોલ્ડ કેપીટલ લી. વતી,**
**સહી/-**
**સીએસ વર્ષા ચતુરાણી**
**કંપની સેક્રેટરી અને કમ્પ્લાયંસ ઓફિસર**

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૨૭.૦૮.૨૦૨૦**


## નવા રોડ તૂટ્યા નથી પરંતુ મેટ્રોને કારણે રસ્તા ખરાબ થયા

અમદાવાદ, અમદાવાદ શહેરમાં સામાન્ય વરસાદમાં પડે અને શહેરના રસ્તાઓનું ધોવાણ થાય છે તે એક કોમન વાત આજે અમદાવાદીઓએ મનમાં બેસી ગઈ છે . એએમસી દર વર્ષે કરોડો રૂપિયા રસ્તાઓ રીપેરીંગ અને નવા બનાવા માટે બજેટની ફાળવણી કરે છે . પરંતુ શહેરમાં બનેલા રોડ રસ્તાની ગુણવતા પર સવાલ ઉભા જ રહે છે. શહેરમાં ચોમાસાની સિઝન શરૂ થતા સામાન્ય વરસાદમાં શહેરના રસ્તાઓ ખાડાનગરીમાં પરિવર્તિ થઇ જાય છે. એએમસી તંત્રે દાવો કર્યો છે કે, અમદાવાદ શહેરમાં એક પણ નવા રોડ તૂટ્યા નથી. જે પણ રોડ તૂટ્યા છે તે રોડ જ્યા સ્ટ્રોમ વોટર લાઈન, ડ્રેનેજ લાઈન કે પછી કંપની જે દ્વારા રસ્તામાં ખોદકામ કરાયું હતુ.

# ભારે વરસાદને પગેલ રાજ્યના ૧૩૯ ડેમ હાઈ એલર્ટ પર

ગાંધીનગર, ગુજરાતના ખેડૂતો માટે ખુશખબર આવ્યા છે. એક તરફ બે દિવસ વરસાદ વિરામ પર છે અને ગુજરાતની જીવાદોરી ગણાતો સરદાર સરોવર ડેમ ૭૪.૦૫ ટકા ભરાઈ ગયો છે. સરદાર સરોવર ડેમની સપાટી ૧૨૯.૯૪ મીટરે પહોંચી છે. હાલ નર્મદા ડેમમાં ૮૮ હજાર ૨૮૭ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. ખેડૂતો માટે ખુશખબર એ છે કે, ગુજરાતમાં અત્યાર સુધીમાં ૯૧ ડેમ ૧૦૦ ટકા છલોછલ ભરાઈ ગયા છે. ૭૩ ડેમ ૭૦થી ૧૦૦ ટકા ભરાયા છે. ૧૬ ડેમ એવા છે જે ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાયા છે. ૧૪ ડેમ એવા છે જે હજુ ૨૫ થી ૫૦ ટકા જ ભરાયા છે અને ૧૧ ડેમમાં ૨૫ ટકાથી પણ ઓછું પાણી સંગ્રહિત થઈ શક્યું છે.

તો કુલ મળીને અત્યારે ૧૩૯ ડેમોની જળસપાટી તેની ટોચને સ્પર્શી શકે તેમ હોવાથી હાઈ એલર્ટ પર મુકાયા છે. ૧૫ ડેમને એલર્ટ પર મુકાયા છે અને ૧૦ ડેમ વોર્નિંગ સ્ટેજ પર મૂકાયા છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૬ વાગ્યા સુધીમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ જિલ્લાના ૧૧૧ તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. સમગ્ર રાજ્યમાં વરસાદનું પ્રમાણ ઘટયુ છે ત્યારે, છેલ્લાં ૨૪ કલાકમાં રાજ્યના ૪ તાલુકાઓમાં એક ઈંચથી બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. સૌથી વધુ દેવભૂમિ દ્વારકાના જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં ૪૭ મી.મી. એટલે કે ૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે ખંભાળિયામાં ૩૫ મીમી, ખેરાલુ ૩૦ મીમી, ગાંધીધામમાં ૨૪ મીમી વરસાદ વરસ્યો છે.

જ્યારે રાણાવાવ-સાણંદમાં ૧૯ મી.મી., માંડવી(કચ્છ)-બોરસદમાં ૧૮ મી.મી., સિધ્ધપુર-જોટાણામાં ૧૬ મી.મી., પોરબંદરમાં ૧૫ મી.મી., ભચાઉ, દ્વારકા, અમદાવાદ શહેર અને તારાપુરમાં ૧૪ મી.મી., ગાંધીનગરમાં ૧૩ મી.મી., તલોદ-ભાણવડમાં ૧૨ મી.મી. એટલે અડધા ઈંચથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે કે, રાજ્યના ૮૨ તાલુકાઓમાં અડધા ઈંચથી ઓછો-સામાન્ય વરસાદ નોંધાયો હોવાનું સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જણાવાયું છે. રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ ૧૦૭.૯૭ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ ઝોનમાં ૨૨૧.૮૦ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૪૨.૦૨ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૫.૬૦ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૯૨.૭૭ ટકા અને પૂર્વ મધ્ય ઝોનમાં ૮૦.૭૯ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

# સેપ્સિવેકર્નિં કોવિડ-૧૯ ફાર્મા એક્સેલન્સ એવોર્ડ




અમદાવાદ: કેડીલા ફાર્માસ્યુટિકલના નવા જ ઈનોવેશન Sepsivac® ને એક્સપ્રેસ ફાર્મા અને હિલ હેલ્થ કનેક્ટ સોલ્યુશનના સંયુક્ત ઉપક્રમે આયોજીત પ્રતિષ્ઠિત ઈમર્જીંગ ડાયમેન્સન્સ ઈન ફાર્મા એક્સેલન્સ ઈ-સમીટમાં ફાર્મા એક્સેલન્સ એવોર્ડ આપવામાં આવ્યો છે. Sepsivac® ને આ એવોર્ડ કોવિડ-૧૯ સામેની લડતમાં અત્યંત અસરકારક ઔષધોમાંના એક તરીકે એનાયત કરવામાં આવ્યો છે. આ સમારંભમાં દુનિયાભરમાં ફાર્માઉદ્યોગની વૃધ્ધિ માટે આગેવાની પૂરી પાડનાર ફાર્મા ઉદ્યોગના અગ્રણીઓ એટલે કે ટોચના ફાર્મા હેલ્થકેર પ્રોફેશનલ્સનો સમાવેશ થતો હતો આ સમારંભમાં મુખ્ય પ્રવચન આપતાં કેડીલાના પ્રેસીડેન્ટ સેલ્સ એન્ડ માર્કેટીંગ શ્રી ઓ.પી. સિંઘે જણાવ્યુ હતું કે "Sepsivac® નો સમાવેશ ગ્રામ નેટેટિવ સેપ્સીસમાં જીવન બચાવતાં અમારાં ઈનોવેશન્સમાં થાય છે. Sepsivac® ને સીએસઆઈઆર (ભારત સરકાર) ના એનએમઆઈટીએલઆઈ પ્રોગ્રામ હેઠળ વિકસાવવામાં આવી હતી અને ગ્રામ નેગેટિવ સેપ્સિસ માટે મંજૂર કરાવવામાં આવી હતી. Sepsivac® દર્દીની આંતરિક રોગ પ્રતિકારક ક્ષમતાને મજબૂત કરે છે અને કુદરતી રોગ પ્રતિકારક સ્થિતી (homeostasis)પ્રાપ્ત કરવામાં સહાયક બને છે. ''વિતેલાં વર્ષોમાં કેડીલા ફાર્માસ્યુટિકલ્સનું સમુદાય, દર્દીને જાણકારી અને ગુણવત્તા ધરાવતી દવાઓ લઈ આવવાની સતત કામગીરી બદલ બહુમાન કરવામાં આવ્યુ છે. કેડીલા ફાર્માને ઉત્તમ સોશ્યલ મિડીયા ઝુંબેશ માટે જાન્યુઆરીમાં એક્સચેન્જ ફોર મિડીયા, હેલ્થકેર માર્કોમ એવોર્ડ તથા જાન્યુઆરીમાં જ ગ્રેટ પ્લેસ ટુ વર્ક સર્ટિફિકેશન એનાયત કરવામાં આવ્યુ હતું. કેડીલા ફાર્માએ અક્ષયપાત્ર ફાઉન્ડેશનના સહયોગમાં ૩૦૦૦થી વધુ પરિવારોને આવશ્યક ચીજ-વસ્તુઓની કિટનું વિતરણ કર્યું હતું અને દેશના ૪,૦૦૦ કોરોના વૉરિયર્સનુ બહુમાન કરીને સ્વતંત્રતા દિનની ઉજવણી કરી હતી. (૧૯-૧)


## Bloom Dekor Limited

**CIN:** L20210GJ1992PLC017341
**Registered Office:** Plot No. 267, Village: Oran, Tal: Prantij, N.H.8, Dist. Sabarkantha, North Gujarat – 383 205
**Corp.off:** 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad - 380 059
**Ph:** 079 - 2684 1916; **Fax:** 079 - 2684 1914; **Email:** redressal@bloomdekor.com; **Web:** www.bloomdekor.com

**UNAUDITED FINANCIAL RESULT FOR THE QUARTER ENDED ON JUNE 30, 2020 (Rs. in Lakh except EPS)**

| Particulars | Quarter ended on 30/06/2020 | Year ended on 31/03/2020 | Quarter ended on 30/06/2019 |
|---|---|---|---|
| | Unaudited | Audited | Unaudited |
| Total Income From Operations | 440.83 | 4,098.70 | 1,011.58 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (165.48) | (197.09) | (44.92) |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (165.48) | (197.09) | (44.92) |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (127.02) | (162.79) | (35.14) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (126.85) | (162.13) | (33.80) |
| Equity Share Capital | 685.00 | 685.00 | 685.00 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | - | (529.05) | - |
| **Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-** | | | |
| Basic : (not annualzed for the quarter ended) | (1.85) | (2.38) | (0.51) |
| Diluted:(not annualzed for the quarter ended) | (1.85) | (2.38) | (0.51) |

Note:- The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the BSE Limited under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and Company's website at www.bloomdekor.com.

For,Bloom Dekor Limited
Sd/-
Dr. Sunil Gupta
Managing Director
DIN: 00012572

Place: Ahmedabad
Date: August 28, 2020



## રાધે ડેવલપર્સ (ઈન્ડિયા) લીમીટેડ

**રજીસ્ટર્ડ ઓફિસ :** ૧લો માળ, ચુનીભાઈ ચેમ્બર્સ, સીટી ગોલ્ડ સીનેમા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯
સીન : L45201G11995PLC024491
/ફોન : +૯૧ ૭૯ ૨૬૫૮૩૩૮૧/
www.radhedevelopers.com, secretarial@radheinfra.com

### ૨૬મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે રાધે ડેવલપર્સ (ઈન્ડિયા) લીમીટેડનાં સભ્યોની છવ્વીસમી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ગુરૂવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સવારે ૧૧.૩૦ ક્લાકે, કંપનીની રજીસ્ટ્રર્ડ ઓફિસ ૧લો માળ, ચુનીભાઈ ચેમ્બર્સ સીટી ગોલ્ડ સીનેમાની પાછળ આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯ ખાતે તા. ૨૨મી જૂન, ૨૦૨૦ના રોજ આપેલી નોટિસમાં જણાવ્યા પ્રમાણે સામાન્ય તથા વિશેષ બિઝનેશ હાથ ધરાશે.એજીએમ ની નોટિસ, વાર્ષિક અહેવાલ હાજર રહેવાની સ્લીપ સભ્યોને નિયમાનુસાર પરવાનગી મુજબનાં મોડથી મોકલી આપવામાં આવ્યા છે.ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.radhedevelopers.com પર પણ ઉપલબ્ધ છે અને ઉપરોક્ત કહેવાતા દસ્તાવેજો કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ પર કામના ક્લાકો દરમ્યાન શનિવાર અને રવિવાર સિવાય સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ માં અગાઉ થી ટાઈમ લઈને છવ્વીસમી સાધારણ સભાના દસ્તાવેજોનું નિરીક્ષણ કરી શકાશે. કંપનીએ વાર્ષિક એહેવાલ મોકલવાની કામગીરી ૨૭ ઓગસ્ટ, ૨૦૨૦ના દિવસે પુરી કરી છે. વાર્ષિક અહેવાલ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ કંપનીના ડિપોઝટરી પાર્ટીસિપેટ સાથે જેમના ઈ-મેલ એડ્રેસ નોંધાયેલ છે એમને ઈલેક્ટ્રોનિક પદ્ધતિ થી મોકલવામાં આવેલ છે.

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈ પ્રમાણે આથી અહી નોટીસ આપવામાં આવે છે કે કંપનીની ૨૬મી એજીએમના હેતુસર સભ્યો માટે શેર ટ્રાંસફર બુક ગુરૂવાર,૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ થી ગુરૂવાર તા.૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦ (બન્ને દિવસ સહિત) બંધ રહેશે.

કંપની રૂલ ૨૦૧૪ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) કંપનીની કલમની એક્ટ ૨૦ અને જોગવાઈ ૧૦૮ મુજબ સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડના સુધારો રેગ્યુલેશનની (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડીસક્લોઝર રીકવારમેન્ટ ),રેગ્યુલેશન ૨૦૧૫, મુજબ સભ્યો તેમના મત ઈલેક્ટ્રોનીકલી ઈ-વોટિંગ સગવડતા માટે નેશનલ સીક્યોરીટી ડીપોઝીટરી લીમીટેડ (એનએસડીએલ) મારફતે એજીએમની નોટિસમાં જણાવ્યા પ્રમાણે બધા ઠરાવો માટે મતદાન કરી શકશે. જે સભ્યો ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨ના કટ ઓફ ડેટના રોજ જે સભ્યો શેર ધરાવતા હશે તે મતદાન કરી શકશે. જે સભ્યો ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ કે નોટીસનો વિતરણ થયા પછી શેર ધરાવતા હશે તો તેમણે evoting@nsdlindia.com પર આઈડી અને પાસવર્ડની માંગણી ઈ-મેઈલ મારફતે વિનંતી કરીને મેળવવાની રહેશે. તેમ છતા કોઈ એનએસડીએલમાં ઈ- વોટીંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ નોંધાવી લીધા હશે તે તેનો ઉપયોગ મતદાન માટે કરી શકશે. જે વ્યક્તિ સભ્ય તરીકે નોંધાયેલ હશે તે અથવા સભ્યોના રજીસ્ટ્રરમાં તે કટ ઓફ ડેટ પહેલા નોંધાયેલા હશે તે ઇ- વોટીંગ માટે અથવા એજીએમના સ્થળે મતદાન માટે માન્ય ગણાશે. આ વાર્ષિક સાધારણ સભાની નોટિસ નેશનલ સિક્યુરિટી ડિપોઝટરી લીમીટેડ (એનએસડીએલ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

રિમોટ ઈ- વોટીંગનો સમય સોમવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦(સવારે ૯.૦૦ વાગ્યે) શરૂ થશે અને બુધવાર,૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ (સાંજે ૫.૦૦ વાગ્યે) પુરૂ થશે. આ દરખાસ્ત, જે સભ્યો ફિઝીકલ ફોર્મ કે ડિમટરીયલાઈઝ ફોર્મમાં કટ ઓફ ડેટ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ શેર ધારણ કર્યા હશે, તો તે પોતાનો વોટ ઈલેક્ટ્રોનિકલી માધ્યમથી એજીએમ નોટીસમાં જણાવ્યા પ્રમાણે રીત અને પદ્ધતિ પ્રમાણે આપી શકશે. ઠરાવ ઉપર એક વાર સભ્ય દ્વારા ઈ વોટિંગ અપાઈ ગયા બાદ સભ્ય તેને બદલી શકશે નહી. ઈ વોટિંગ થી મત આપ્યા બાદ સભ્ય એજીએમની બેઠક માં ભાગ લઈ શકશે પરંતુ તેને ફરીવાર મત આપવાની મંજુરી મળશે નહી. સભ્ય ને એજીએમના સ્થળે ઈ વોટિંગ ની સગવડતા મળશે નહી. સભ્ય એજીએમના સ્થળે રિમોટ ઈ વોટિંગ અથવા બીજી પદ્ધતિ પૈકી બે માંથી એક પદ્ધતિ ધારણ કરી શકશે. એજીએમના મતદાનનું પરીણામ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૦, શનિવાર કે તે પહેલા જાહેર કરવામાં આવશે. જાહેર થયેલુ પરીણામ અને સ્ક્રૂટીનાઈઝર નો અહેવાલ કંપનીની રજીસ્ટર ઓફિસ અને કંપનીની વેબસાઈટ અને જે સ્ટોક એક્સચેન્જ પર કંપનીના શેર લીસ્ટેડ છે તેને આ અંગે જાણ કરવામાં આવશે.

ઈ વોટિંગના નિરીક્ષણ માટે નિરીક્ષક તરીકે કંપની સેક્રેટરી અલ્કેશ ઝાલાનની નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી થાય તે માટે નિમણુંક કરવામા આવી છે. સભ્યોને કોઈ પ્રશ્ન હોય તો નીચેના સપર્ક કરી શકે છે.

સભ્યોને વિનંતી કે કોઇ પ્રશ્ન માટે નીચેના સરનામા અને સંપર્ક નંબરો નોંધી લેશો.

શ્રીમતી પલ્લવી મહાત્રે નેશનલ સિક્યોરિટી ડિપોઝટરી લીમીટેડના મેનેજર / ટૂ વર્લ્ડ એ વિંગ ૪થે માળે કમલા મિલ્સ કમ્પાઉન્ડ લોઅર પરેલ મુંબઈ-૪૦૦૦૧૩, મહારાષ્ટ્ર ફોન નં. ૧૮૦૦ ૨૨૨ ૯૯૦, ઈમેલ evoting@nsdl.co.in

જો કોઈને ઈ- વોટીંગ બાબતે કોઈપણ પ્રકારનો પ્રશ્નો હોય તો ફ્રિક્વન્ટલી આસ્કડ ક્વોશ્ચન (FAQs) અને ઈ-વોટીંગ વેબસાઈટ www.evoting.nsdl.com પર મળી શકશે અને મદદ માટે ઈ-મેઈલ evoting@nsdl.co.in અને ફોન નં. ૧૮૦૦ ૨૨૨ ૯૯૦ પર મળી શકશે અને mcsahmed@gmail.com/mcsstaahmd@gmail.com ઈમેલ અથવા ફોન નં. 079-26580461/462/463.

કૃપયા તમારો નવો ઈમેલ આઈડી કંપની/ ડિપોઝટરી પાર્ટીસિપેન્ટ સાથે રજીસ્ટર્ડ કરો જેથી સમય અંતરે માહીતી મળી શકે.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના હુકમ વતી
**રાધે ડેવલપર્સ ( ઈન્ડિયા) લીમીટેડ માટે**
**દીપેન એ. દલાલ**
**કંપની સેક્રેટરી અને કમ્પ્લાયંસ ઓફિસર**

તારીખ : ૨૮ ઓગસ્ટ, ૨૦૨૦
સ્થળ : અમદાવાદ